ક્રમાંક:ઓડીટ/જીઆઈએ/બહાલી/૨૦૨૨/૬૯૪–૭૫૮

કમિશનર, શાળાઓની કચેરી
બ્લોક નં.૯, ડૉ. જી. મ. ભવન
ગુ.રા., ગાંધીનગર
તા.૮–૨–૨૦૨૨

વંચાણે લીધા :

૧.શિક્ષણ વિભાગના ઠ.ક્ર.બમશ/૧૧૯૯/૭૪૧ (૩)/ગ, તા.૨–૭–૧૯૯૯
૨. શિક્ષણ વિભાગના ઠ.ક્ર.બમશ/૧૧૯૯/૧૯૧૯/ગ, તા.૩૦–૧૧–૧૯૯૯
૩. શિક્ષણ વિભાગના ઠ.ક્ર.બમશ/૧૧૨૦૦૦/એમ/૪૨/ગ, તા.૧૯–૬–૨૦૦૦

પ રિ પ ત્ર :

આમુખમાં દર્શાવેલ ઠરાવ અન્વયે રાજયમાં આવેલ બિનસરકારી અનુદાનિત શાળાઓમાં મકાનભાડા ચુકવવાં બાબતે અમુક જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ તથા શાળા કક્ષાએથી અલગ અલગ અર્થઘટન કરવામાં આવે છે તેમજ મકાનભાડાની ચુકવણી બાબત આ કચેરી પાસે વારંવાર માર્ગદર્શન અને સ્પષ્ટતા માંગવામાં આવે છે.તા.૨–૭–૧૯૯૯ના શિક્ષણ વિભાગના ઠરાવ બાદ ગ્રાન્ટ નીતિમાં ફેરફાર થતાં વર્ગ આધારિત ગ્રાન્ટ ચુકવવા માટેના ઠરાવ થયેલ છે. તા.૨–૭–૧૯૯૯ ના ઠરાવ પહેલાં બિનસરકારી અનુદાનિત શાળાઓમાં પે પેકેજના ૧૦ %, ૧૨.૫ % અને ૧૫ % મુજબ નિભાવ ગ્રાન્ટ ચુકવવામાં આવતી હતી અને આ નિભાવ ગ્રાન્ટ કાર્યપાલક ઈજનેરશ્રીના સર્ટીફિકેટના આધારે ચુકવવામાં આવતી હતી. તા.૨–૭–૧૯૯૯ ના ઠરાવની જોગવાઈથી નવી ગ્રાન્ટ નીતિ અમલમાં આવતાં ૬૫ % નિભાવ ખર્ચ અને ૩૫ % મકાનભાડા પેટે ફાળવવાની જોગવાઈ થતાં તા.૨–૭–૧૯૯૯ પહેલાંની સ્થિતિની હવે જરુરીયાત ન રહેતાં તા.૨–૭–૧૯૯૯ બાદ કાર્યપાલક ઈજનેરશ્રીના સર્ટીફિકેટ હવે ધ્યાને ન લેતાં શાળા ધ્વારા ખરેખર ચુકવાયેલ મકાન ભાડુ અથવા ૩૫ % ની મર્યાદામાં મળવાપાત્ર ગ્રાન્ટની રકમમાંથી જે ઓછુ હોય તે શાળાને મળવાપાત્ર થશે. આ મુજબની સ્પષ્ટતા દરેક જિલ્લા શિક્ષણાધિકારી તથા શાળાએ ધ્યાને લેવાની રહેશે.

સંયુક્ત નિયામક (હિસાબ)
કમિશનર, શાળાઓની કચેરી,
ગુ.રા., ગાંધીનગર

પ્રતિ,
–સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી (માધ્યમિક), સદર કચેરી.
–જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ, તમામ
–ઓડીટ અધિકારીશ્રીઓ, તમામ, આ કચેરી
–સિનિયર ઓડીટર/ઓડીટર ગૃપ–૧ તથા શાખાના તમામ કર્મચારીઓ
–આચાર્યશ્રી/પ્રમુખશ્રી/મંત્રીશ્રી, અનુદાનિત શાળાઓ, ગુજરાત રાજય (જિલ્લા શિક્ષણાધિકારી મારફત)
–હુકમ ફાઈલે